RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 191 Date: 02.05.2024 Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવો, અમે નક્સલવાદને જડમૂળથી ઉખાડી નાખીશું :અમિત શાહ



કોરબા,તા.૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બુધવારે છત્તીસગઢના કોરબા જિલ્લામાં પહોંચ્યા હતા. હેલિકોપ્ટર દ્વારા તેઓ કાટઘોરાની હાઈસ્કૂલના મેદાનમાં પહોંચ્યા, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. કટઘોરામાં મેળાના મેદાનમાં જનતાને સંબોધિત કરતી વખતે, શાહે લોકસભાના ઉમેદવાર સરોજ પાંડેની તરફેણમાં મત માંગ્યા. આ દરમિયાન ભાજપના અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. અમિત શાહનું ભાષણ સાંભળવા માટે લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી.

સભાને સંબોધતા અમિત શાહે કહ્યું, 'છત્તીસગઢમાં કોંગ્રેસની ભૂપેશ કક્કાની સરકાર નક્સલવાદને પ્રોત્સાહન આપતી રહી, પરંતુ અમારી વિષ્ણુદેવ સાંઈની સરકાર બન્યાના ચાર મહિનામાં જ ૯૫ નક્સલવાદીઓ માર્યા ગયા. ૩૫૦ની ધરપકડ કરવામાં આવી હતી અને ઘણાએ આત્મસમર્પણ કર્યું હતું. પીએમ મોદીએ પાંચ વર્ષમાં ઝારખંડ, ઓડિશા, બિહાર, તેલંગાણા, આંધ્ર, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાંથી નક્સલવાદનો ખાત્મો કર્યો છે. છત્તીસગઢને બાકાત રાખવામાં આવ્યું કારણ કે અહીં ભૂપેશ કક્કા સત્તામાં હતા. તમે મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવો, બે વર્ષમાં અમે નક્સલવાદને જડમૂળથી ઉખાડી નાખીશું.અમિત શાહે કહ્યું, 'હમણાં જ બે તબક્કાની ચૂંટણી થઈ છે. આ બે તબક્કામાં મોદીજી સદી ફટકારીને ઘણા આગળ નીકળી ગયા છે. ત્રીજા તબક્કામાં આપણે ૪૦૦ને પાર કરવાની દિશામાં આગળ વધવાનું છે. ચૂંટણી જીતવા માટે કોંગ્રેસ વર્ષોથી આ દેશમાં આતંકવાદ અને નક્સલવાદને પોષી રહી છે, પરંતુ હવે તમારે ચિંતા કરવાની જરૂર નથી. અહીં તમે ભાજપની સરકાર બનાવી છે, કેન્દ્રમાં પણ ત્રીજી વખત મોદીજીની સરકાર બનવા જઈ રહી છે, ત્યારપછી નક્સલવાદમાં જવું પડશે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, છત્તીસગઢ ભગવાન રામનું માતૃ જન્મસ્થળ છે. કોંગ્રેસ ૭૦ વર્ષથી અટકી, વિલંબ અને ગેરમાર્ગે દોરતી હતી. છત્તીસગઢની જનતાએ ૧૧માંથી ૯ સીટો આપીને નરેન્દ્ર મોદીને બીજી વખત વડાપ્રધાન બનાવ્યા અને પાંચ વર્ષમાં જ તેઓ કેસ જીતી ગયા, ભૂમિપૂજન પણ કર્યું અને ૨૨ જાન્યુઆરીએ પોતાના જીવનને પવિત્ર કરીને જય શ્રી રામની ઘોષણા કરી. .

શાહે કહ્યું, 'પીએમ મોદીનો ૧૦ વર્ષનો ટ્રેક રેકોર્ડ છે અને ૨૫ વર્ષનો એજન્ડા પણ છે. છત્તીસગઢ મોટાભાગે પછાત વર્ગ, દલિત અને આદિવાસી ભાઈ-બહેનોનો પ્રદેશ છે. પીએમ મોદીએ ૨૦૧૪માં કહ્યું હતું કે અમારા દ્વારા બનાવવામાં આવેલી સરકાર ગરીબો, દલિતો, આદિવાસીઓ અને પછાત લોકોની હશે.

## આમજાના મહિલા સરપંચનું કામ પતિ દ્વારા સંચાલન કરાતું હોવાની ટીડીઓમાં ફરિયાદ

આમજા ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિ દ્વારા જ સંચાલન કરવામાં આવતા વિવાદ ઉઠવા પામ્યો છે. મહિલા સરંપચના પતિ ગ્રામ પંચાયતમાં બેસવાની સાથે સાથે મહિલા સરપંચ વતી સહીઓ કરતા હોવાની ફરીયાદ આમજા ગ્રામ પંચાયતના ઉપસરપંચે મુખ્યમંત્રી તેમજ માણસા તાલુકા પંચાયતને કરી છે.મહિલા સશક્તિકરણના ભાગરૂપે સરપંચથી લઈને લોકસભા અને રાજ્યસભામાં મહિલાઓને બેસાડવામાં આવી છે. પરંતુ ગ્રામ પંચાયતોમાં સરપંચ તરીકે બેસેલી મહિલાઓના પતિ દ્વારા જ સંચાલન કરવામાં આવતું હોવાનો બનાવ માણસા તાલુકાના આમજા ગ્રામ પંચાયતમાં બનવા પામ્યો છે. આમજા ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિ દ્વારા જ સંચાલન કરવામાં આવી રહ્યું છે. આથી ગ્રામ પંચાયતમાં મહિલા સરપંચને બદલે તેમના પતિની હાજરી હોય છે.મહિલા સરપંચના પતિ ગ્રામ પંચાયતમાં સરપંચની ખુરશીમાં બેસીને કામગીરી કરતા હોવાની ગ્રામજનોમાં ફરીયાદ માણસા તાલુકા વિકાસ અધિકારીને કરી હતી. તેમ છતાં કોઈ જ ફરક પડ્યો નહી પડતા મહિલા સરપંચના પતિ જ ગ્રામ પંચાયતમાં બેસીને કામગીરી કરી રહ્યા છે.

## ગુજરાતીઓએ ૧ વર્ષમાં ૮૫,૪૦૦ કરોડના જમીનોના સોદા કર્યા, પહેલીવાર ઇન્કમટેક્સ કલેક્શન ૧ લાખ કરોડને પાર



અમદાવાદ

ગુજરાતીઓએ વર્ષ ૨૦૨૩-૨૪માં અધધ રૂ. ૧.૦૯ લાખ કરોડ ઈન્કમટેક્સ ભર્યો છે. ગુજરાત ઈન્કમટેક્સની આવક રેકોર્ડબ્રેક રૂ. ૧ લાખ કરોડને પાર ગઈ છે. જેમાં કોર્પોરેટ કરતા વ્યક્તિગત કરદાતાઓની આવક આગળ નિકળી ગઈ છે. આમ રૂ.૧૦૯,૬૮૫ કરોડના ટેક્સ કલેક્શન સાથે ગુજરાત દેશના વધુ ટેક્સ કલેકશન કરતાં રાજ્યોની અગ્ર હરોળમાં યથાવત રહ્યુ છે. જેમા મહારાષ્ટ્ર, દિલ્હી અને તમીલનાડુનો સમાવશ થાય છે. ગત વર્ષ કરતા ઈન્કમટેક્સનું ૧૪ ટકા વધારે કલેકશન થયું છે. ગુજરાતે રૂ. ૧૭,૫૨૫ કરોડનું ગુજરાતીઓને રિફંડ આપીને રૂ. ૯૨,૧૬૦ કરોડની નેટ કલેકશન કર્યું છે. જે ગત વર્ષ કરતા રૂ. રૂ.૮,૮૪૨ કરોડ વધારે થઇ છે. વધારામાં આ વર્ષએ ગુજરાતીઓને રૂ. ૧૭ હજાર કરોડનું રિફંડ આપવામાં આવ્યું છે. આમ એડવાન્સ ટેક્સ, ટીડીએસ, મળીને આશરે ૧૪ ટકાનો વધારો નોંધાયો છે.

રૂ.૮૫ હજાર કરોડના જમીનના સોદા થયા ૧ ગુજરાતમાં ગત વર્ષ કરતા આ વર્ષે જમીન લે વેચના સોદામાં રૂ. ૨૦ હજાર કરોડનો વધારો થયો છે. જેના ઉપર રૂ.૮૫૪ કરોડનો ટીડીએસ મળ્યો છે, એટલે કે રૂ.૮૫,૪૦૦ કરોડના સોદાઓ ગુજરાતમાં થયા છે. શેરબજારની આવકમાંથી રૂ.૬૭૧ કરોડ ટેક્સ મળ્યો ૨ શેરબજાર અને આપીઓમાં વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૧૫૫ કરોડની થઇ હતી. જેમાં ગુજરાતીઓના શેરબજારમાં રૂ. ૩.૩૫૫ કરોડના વ્યવહાર સામે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૬૭૧ કરોડનો ટેક્સ ભર્યો છે. જે રૂ. ૫૧૬ કરોડ વધારે છે. વ્યક્તિગત ટેક્સ ૬૦ હજાર કરોડ ૩ વર્ષ ૨૦૨૨-૨૩માં વ્યક્તિગત ટેક્સની આવક રૂ. ૫૨,૦૫૧ કરોડની સામે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૬૦,૮૪૧ કરોડની થઇ છે. આમ ગત વર્ષ કરતા વ્યક્તિગત આવક ઉપર રૂ.૮,૭૯૦ કરોડ વધારે ટેક્સ ભર્યો છે. કૉંપોરેટ ટેક્સ રૂ. ૪૮ હજાર કરોડ ૪ વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતના કૉંપોરેટ ટેક્સની આવક રૂ. ૪૬,૬૭૧ કરોડની સામે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૪૮,૮૪૪ કરોડની થઇ છે. આમ ગત વર્ષ કરતા રૂ.૧૭૩ કરોડ વધારે ટેક્સ કોર્પોરેટ ક્ષેત્રમાંથી આવ્યો છે. એડવાન્સ ટેક્સ રૂ.૫૦ હજાર કરોડ ૫ ગુજરાતીઓએ ગત વર્ષ કરતા રૂ.૬,૨૬૭ કરોડ એડવાન્સ ટેક્સ વધારે ભર્યો જેમાં કોર્પોરેટ ક્ષેત્રમાંથી રૂ. ૩૦,૯૬૯ કરોડ અને વ્યક્તિગત કરદાતાઓ રૂ. ૧૯,૯૭૦ કરોડ ટેક્સ સાથે કુલ રૂ.૫૦,૯૩૯ કરોડનો ટેક્સ ભર્યો છે. ટીડીએસનો રૂ.૪૩ હજાર કરોડ ટેક્સ ૬ ટીડીએસમાં કોર્પોરેટનો રૂ. ૧૨,૮૨૧ કરોડ અને વ્યક્તિગતમાં રૂ. ૩૦,૪૯૩ કરોડની સાથે કુલ રૂ. ૪૩,૪૧૪ કરોડના ટેક્સની આવક થઇ છે. જે ગત વર્ષ કરતા રૂ. ૩,૦૬૯ કરોડ વધારે આવક થઇ છે. બ્લેકમનીનો રૂ.૧.૬૭ કરોડ ટેક્સ ૮ વર્ષ ૨૦૨૩-૨૪માં વ્યક્તિગત કરદાતાઓ પાસેથી બ્લેક મની પેટે ગત વર્ષ કરતા રૂ. ૧ કરોડ વધારે ટેક્સ મળ્યો છે. જે વર્ષે ૨૦૨૨-૨૩માં રૂ. ૬૦ લાખના ટેક્સ સામે આ વર્ષે રૂ.૧.૬૭ કરોડનો ટેક્સ મળ્યો હતો. ડિવિડન્ડની આવક પર રૂ.૮.૬૫ લાખ કરોડ ટેક્સ ૯ આ વર્ષે કોર્પોરેટ કંપનીઓએ ડિવિડન્ડ ટેકસમાં સરકારને રૂ.૮.૬૫ લાખ કરોડ ટેકસની આવક થઇ છે. જે ગત વર્ષે રૂ.૪૯.૭૦ કરોડની હતી. આમ આ વર્ષે કંપનીઓએ ગત વર્ષ કરતા ઓછો ડિવિડન્ડ ટેક્સ ભર્યો છે.

## રાજકોટના પોલીસમેનના માતા-પિતાની ઝેરી દવા પી લઈ આત્મહત્યા



રાજકોટ: રાજકોટ નજીકના હડાળા ગામે રહેતાં નિલેશભાઈ મનસુખભાઈ ખુંટ (ઉ.વ.૪૫) અને તેના પત્ની ભારતીબેન (ઉ.વ.૪૩)એ આજે બપોરે ટંકારાના છતર ગામમાં ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી. મૃતક દંપતીનો એકલૌતો પુત્ર મિલન રાજકોટ શહેર પોલીસ કમિશનર કચેરીમાં આવેલી સ્પેશ્યલ બ્રાંચમાં એલઆરડી તરીકે નોકરી કરે છે. જોકે ક્યાં કારણથી મૃતક દંપતીએ આ પગલું ભર્યું તે વિશે પોલીસને પ્રાથમિક તપાસમાં કોઈ માહિતી મળી નથી. હડાળા ગામ હવે રાજકોટના કુવાડવા રોડ પોલીસ મથકની હદમાં આવે છે. આજે બપોરે નિલેશભાઈ અને તેના પત્ની ભારતીબેને છતર ગામમાં આવેલી પ્રાથમિક શાળા નજીક ઝેરી દવા પી લીધી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે નિલેશભાઈનું તત્કાળ મોત નિપજ્યું હતું. જયારે ભારતીબેનને ૧૦૮માં રાજકોટની સિવીલમાં ખસેડાયા હતા. જયાં ટૂંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. જાણ થતા ટંકારા પોલીસ સિવીલે દોડી આવી હતી.

## જો તમે મારી સાથે ફોનમાં વાત નહીં કરો તો હું દવા પી લઈશ

રાજકોટ: રાજકોટમાં રહેતી એક પરિણીતાને છેલ્લા સાત માસથી કોલ કરી પજવણી કરતાં ખેડાના મહુધા તાલુકાના અલીણા ગામમાં રહેતા આરોપી ઈમ્તીયાઝહુસેન બિસ્મીલ્લાહ મલેક (ઉ.વ.૪૭)ને ગાંધીગ્રામ પોલીસે ઝડપી લઈ ઘનિષ્ઠ પૂછપરછ શરૂ કરી છે.૩૮ વર્ષની ભોગ બનાર પરિણીતાને બે સંતાનો છે. તેણે પોલીસને જણાવ્યું કે ગઈ તા. ૧૦-૧૦-૨૦૨૩ના રોજ તેના મોબાઈલમાં અજાણ્યા શખ્સે હાય-હેલ્લોનો મેસેજ કર્યો હતો. પરંતુ નંબર જાણીતો ન હોવાથી રીપ્લાય આપ્યો ન હતો. બીજા દિવસે ફરીથી તે જ નંબર ઉપરથી ટેક્સ મેસેજ આવવાનું શરૂ થયું હતું. જો કે તેણે તેનો પણ રીપ્લાય આપ્યો ન હતો. આખરે તે નંબર ધરાવતા શખ્સે કોલ કરી કહ્યું કે હું તમને ઓળખું છું, તમારા પરિવાર વિશે બધું જાણું છું, તમારી દીકરીનું નામ પણ હું જાણુ છું, તમારો ફોટો મારી પાસે છે. જેથી તે શખ્સને તેનું નામ પૂછતા કોલ કટ કરી નાખ્યો હતો. ત્યારબાદ દરરોજ તે નંબર ઉપરથી કોલ કરવાનું જારી રાખ્યું હતું. જો કોલ રિસીવ કરે તો કેમ છો વગેરે વાતો કરતો હતો, જો કોલ કટ કરી નાખે તો સતત ટેક્સ્ટ મેસેજ કરતો હતો. જેથી તેણે કોલ કે મેસેજ કરવાની ના પાડતાં તે શખ્સે કહ્યું કે તમે મારી સાથે ફોનમાં વાત નહી કરો તો હું દવા પી લઈશ. આખરે તે શખ્સનો નંબર બ્લોક કરી નાખ્યો હતો. ત્યારબાદ તે શખ્સે બીજા નંબર ઉપરથી કોલ અને મેસેજ કરવાનું શરૂ કરી દીધું હતું.



## *આજનો વિચાર*

લોકો એવું સમજી બેઠા છે કે માણસ બહુ જ ભાગ્યશાળી છે
પણ એમને એવી ક્યાં ખબર છે કે હું મારા દરેકેદરેક કામ
ભગવાન ને સોંપીને જ આગળ વધુ છું ...
એટલેજ તો ચારે બાજુ સફળતાએ આગળ દોટ મૂકી છે વહાલા
...

- MANNISH *( MINTOO )*

## તંત્રી લેખ......

### જીએસટી કલેકશનનો ઐતિહાસિક રેકોર્ડ, ૨.૧૦ લાખ કરોડને પાર માઈલ સ્ટોન કલેકશન

જીએસટી કલેકશનને ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. જીએસટી કલેકશન ઐતિહાસિક માઈલ સ્ટોનના આંકડાને પાર કરી ગયું છે. રિપોર્ટ મુજબ જીએસટી કલેકશને ૨.૧૦ લાખ કરોડ પાર થયું છે. સૌથી વધારે એપ્રિલ મહિનામાં જીએસટી કલેકશન નોંધાયું. આ આંકડા ૧૨.૪ ટકાની નોંધપાત્ર વર્ષ-દર વૃદ્ધિ દર્શાવે છે. આ આંકડા દર્શાવે છે કે સ્થાનિક વ્યવહારોમાં મજબૂત લેવડદેવ અને આયાતમાં પણ મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. લેવડદેવડમાં ૧૩.૪ ટકા અને આયાતમાં ૮.૩ ટકાની વૃદ્ધિ જોવા મળી.

સત્તાવાર પ્રાપ્ત માહિતી મુજબ રિફંડ માટે એકાઉન્ટિંગ કર્યા બાદ એપ્રિલ ૨૦૨૪માં ચોખ્ખી જીએસટી આવક રૂ. ૧.૯૨ લાખ કરોડ છે ગત વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૧૭.૧ટકાની વૃદ્ધિ દર્શાવે છે.એપ્રિલ જીએસટી કલેકશન પર નજર કરીએ તો સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ રૂ.૪૩,૮૪૬ કરોડ, સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ રૂ.૫૩,૫૩૮ કરોડ, ઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ રૂ.૯૯,૬૨૩ કરોડ અને આયાતી માલ પર એકત્રિત રૂ.૩૭,૮૨૬ કરોડનો સમાવેશ થાય છે. અને સેસઃ રૂ૧૩,૨૬૦ કરોડ અને આયાતી માલ પર એકત્રિત રૂ.૧૦૦૮ કરોડનો સમાવેશ થાય છે.

# સાવન કૃપાલ રૂહાની મિશનના ફતેપુરામાં અદાનિયા બ્રિજ પાસે કૃપાલ આશ્રમ, વડોદરા શાખા માં બાળકોની આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું



સાવન કૃપાલ રૂહાની મિશનના ફતેપુરામાં અદાનિયા બ્રિજ પાસે કૃપાલ આશ્રમ, વડોદરા શાખા માં બાળકોની આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, આ શિબિરનું આયોજન ૪ દિવસ માટે કરવામાં આવ્યું હતું જેમાં ૫ વર્ષ થી ૨૦ વર્ષની વયના ૪૦૦ જેટલા બાળકોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ બાળકોની આધ્યાત્મિક શિબિરમાં બાળકો માટે આત્મનિરીક્ષણ ડાયરી, સ્વસ્થ જીવન શૈલી, શાકાહારી ભાષા, સૂફી કવ્વાલી અને સંગીત, કવિતા પઠન અને ચિત્રકામ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકો ખૂબ જ ઉમળકાભેર ભાગ લીધો હતો અને પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું.ચિત્ર સ્પર્ધામાં બાળકોના ચિત્રો જોયા પછી આવું જ બન્યું.એવું લાગતું હતું કે તેણે પોતાના હૃદયના વિચારોને રંગોના મેઘધનુષ્ય માં નાખીને પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત કર્યો છે. આ શિબિરમાં બાળકોના શારીરિક સ્વાસ્થ્ય ફાયદા માટે ઝુમ્બા યોગા એક સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકો ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિબિરમાં બાળકોના ચહેરા પર ખુશી સ્પષ્ટ દેખાતી હતી. તેઓ બધા આમ કહ્યું તેમને સ્પર્ધાઓ ખૂબ ગમે છે. શિબિર ના તીજા દિવસ દરમ્યાન ગુજરાત સમાચાર થી આવેલ શ્રી યોગેનભાઈ જોશી એ કેમ્પ માં આવેલ બાળકોનું ઉત્સાહ વધાર્યું તથા સેવાદારો ને એવોર્ડ આપ્યાશિબિરના છેલ્લા દિવસે તમામ સ્પર્ધા વિજેતા બાળકોને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને શિબિરમાં ભાગ લેનાર તમામ ને સન્માનિત કરવામાં આવ્યા હતા બાળકોને ભેટ પણ આપવામાં આવી હતી. શિબિરમાં બાળકના માતા-પિતા માટે એક સત્ર પણ રાખવામાં આવ્યું છે. જેમાં તેમને દર રવિવારે સવારે તેમના બાળકોને આશ્રમ લઈ આવાનું કહેવામાં આવ્યું હતું. કૃપાલ આશ્રમમાં ૧૦:૦૦ થી ૧૧:૦૦ દરમિયાન દર રવિવારે બાલ સત્સંગ થાય છે.સાવન કૃપાલ રૂહાની મિશનના પ્રમુખ સંત રાજીન્દર સિંહજી મહારાજના માર્ગદર્શન હેઠળ બાળકોના આધ્યાત્મિક વિકાસ માટે 'બાલ સત્સંગ ની સ્થાપના કરવામાં આવી છે, જેમાં તેઓ આધ્યાત્મિકતાના વિવિધ પાસાઓ તેમજ નૈતિક જીવન કેવી રીતે જીવવું તે શીખવવામાં આવે છે જેથી તેઓ શરૂઆતથી જ આપણે આપણા જીવનમાં સદ્ગુણો ક્ષેત્ર અને શારીરિક, માનસિક, બૌદ્ધિક વિકાસ ઘડી શકીએ છીએ.આ સાથે એમને આધ્યાત્મિક સ્તરે પણ સફળતા મેળવી શકાશે.

સમગ્ર ભારતમાં બાળકોના આધ્યાત્મિક વિકાસ માટે સમયાંતરે મિશન બાળકોની આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં બાળકો તેઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. સંત રાજીન્દર સિંહજી મહારાજના સાનિધ્યમાં, બાળકો ભારતમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ માટેના મિશન દ્વારા કોલંબિયામાં ૨૩ દર્શન એકેડેમી શાળાઓ અને એક દર્શન એકેડેમી શાળાની પણ સ્થાપના કરવામાં આવી છે. જેમાં બાળકોના સર્વાંગી વિકાસ પર ધ્યાન આપવામાં આવે છે.સંત રાજીન્દર સિંહજી મહારાજના કાર્યરત હેઠળ સાવન કૃપાલ રુહાની મિશન માં માનવ સેવાના કલ્યાણ માટે ઘણા કાર્યો કરવામાં આવે છે, જેમ કે રક્તદાન શિબિર તેમજ મફત મોતિયાના ઓપરેશન કેમ્પ અને આરોગ્ય તપાસ શિબિરોનું પણ આયોજન કરવામાં આવે છે. અને સમયાંતરે શારીરિક રીતે વિકલાંગ ભાઈઓ અને બહેનોને સહાયક ઉપકરણોનું પણ વિતરણ કરવામાં આવે છે.આ ઉપરાંત ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર અને નેપાળમાં આવેલા ગંભીર ભૂકંપ વખતે પણ સાવન કૃપાલ રૂહાની મિશનના સ્વયંસેવકોએ ઘણા ગામડાઓમાં પીડિત લોકોને ધાબળા, સ્વેટર અને ફોમ ગાદલા જેવા ગરમ કપડાં તેમજ દવાઓ વગેરે આપ્યા હતા.સાવન કૃપાલ રુહાની મિશન ના પ્રમુખ સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે સમગ્ર વિશ્વમાં ધ્યાન દ્વારા પ્રેમ, એકતા અને શાંતિનો સંદેશ ફેલાવી રહ્યા છે, જેના પરિણામે તેમને ઘણા શાંતિ પુરસ્કારો અને સન્માન તેમજ પાંચ સન્માન મળ્યા છે. વિવિધ દેશોમાંથી ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી છે.સાવન કૃપાલ રૂહાની મિશનના સમગ્ર વિશ્વમાં ૩૨૦૦ થી વધુ કેન્દ્રો સ્થાપિત છે અને મિશન નું સાહિત્ય વિશ્વની ૫૫ થી વધુ ભાષાઓમાં પ્રકાશિત થયું છે.

# ગરીબો પર મૃગજળ વરસાવો સરકાર માઇ-બાપ!!

ગિરધરભાઇ તમે દૂધપાક છો!!" રાજુએ મારા ઘરે આવીને મોનાલીસાના સ્મિત જેવું વાક્ય વહેતું મુકયું .

" રાજુ આ વિધાન મને સમજાયું નહી." મેં અજ્ઞાનના છતી કરી.

"કેમ? એકદમ સરળ વાક્ય છે"રાજુએ કહ્યું.

" ભાઇ, તું મારા વખાણ કરે છે કે ટીકા ?" મેં સ્પષ્ટતા માંગી.

"તમે મીઠા વગરના છો! અક્કલમઠ્ઠા છો" રાજુએ શબ્દ ચોર્યા વગર મને ચોપડાવ્યું.

"કેમ કેમ? ચકલી ફૂલેકે ચડી છે?" મેં ગરમ થઇને પૂછયું.

"તમે. પેટ્રોલના ભાવ સોને પાર જાય કે કાગારોળ કરો છો. ડીઝલના ભાવ સોને પહોંચે કે રાણીનો હજીરો લૂંટાઇ ગયો હોય તેમ કકળાટ કરો છો. કોમર્શિયલ સિલિન્ડર પચ્ચીસ સો રૂપિયાનો થાય કકળાટ કરો છો. તમે કાર વાપરતા નથી, બાઇક ચલાવતા નથી, હોટલ ચલાવતા નથી .તો પછી શેનો હોબાળો કરો છો? તમે નિર્મલા સિતારામન શૈલી ( આ નવી સાઉથ ઈન્ડિયન શૈલી છે!!) મુજબ કહી દો હું ડુંગળીનો ખોરાકમાં ઉપયોગ કરતી નથી. એટલે ડુંગળીના ભાવ માટે મારો જવાબ. આઇ ડોન્ટ કેર! કહી દો." રાજુએ મને જનસેવા કેન્દ્રની સેવા જેવી સલાહ આપી!!

"રાજુ. તે લગ્ન કર્યા નથી એટલે તને શું ખબર પડે? એક બાયડી તેર વાના માંગે !! " રાજુને ઉશ્કેર્યો.

"ગિરધરભાઇ. તમે ભાભીને છુંદો અને ગુદા કેરીનું અથાણું કરવા કહેતા હતા.પણ, બોસ બજાર ભાવ વધારાથી ભડકે બળે છે. કિલો હીંગના ભાવ ૬૦૦ રૂપિયાથી વધીને ૧૩૦૦ રૂપિયા થઇ ગયા છે. લવિંગના ભાવ ૫૫૦ રૂપિયાથી વધીને ૮૦૦ રૂપિયા થઇ ગયો છે.ધાણા, જીરૂં, મેથી, કાળા મરી, કાશ્મીરી મરચા,હળદરના ભાવો આસમાને પહોંચ્યા છે!! ગયા વરસની સરખામણીએ મસાલાના ભાવોમાં ૩૫ % થી ૪૦% નો વધારો થયો છે. આમાં બેનો શું ખાક અથાણા બનાવે ??" રાજુએ પ્રલંબ નિસાસો નાંખ્યો.

" રાજુ. ઈંડા તો સફેદ બટાકા કહેવાય.નેશનલ એગ્ઝ કોર્પોરેશન સન્ડે હો યા મન્ડે રોજ ખાઓ અન્ડે નું કેમ્પેઇન ચલાવે છે. ૨૬ મી એપ્રિલે ડઝન ઈંડાની ભાવ ૪૮ રૂપિયા હતો. પહેલી મેના રોજ ડઝન ઈંડાનો ભાવ પચાસ રૂપિયા થાય છે. આમ, પાંચ દિવસમાં બે રૂપિયાનો વધારો થાય છે છતાં કોઇના પેટમાં કૂકડે કૂક થતું નથી !!પાંચ દિવસે બે રૂપિયા વધે તો વરસે દાડે રૂપિયા ૧૭૬ વધે. આ બાબતે નિર્મલાબેનને કંઇ કહેવું છે? કે મોદીનોમિકસના ગુણગાન ગાવા છે??" મેં સવાલની મિસાઇલ દાગી.

" ગિરધરભાઇ. બીડી એ રાષ્ટ્રીય વ્યસન છે. સિગારેટ ફિલ્ટર્ડ આવે છે. બીડીમાં આવી વ્યવસ્થા નથી. બીડી હોમમેઇડ પ્રોડકટ છે. સિગારેટ હોમમેઇડ પ્રોડકટ નથી. સમાજનો નિમ્ન મહેનતકશ, વંચિત, શોષિત, ગરીબવર્ગ બીડીના બે કસ લઇને હર ફિક્કો ધુંઆંમાં ઉડાડે છે.રકેબી ચા અને એક બીડીથી મજૂરો, રામલાઓ, રીક્ષાડ્રાઇવરો, લોરી ખેંચનાર, સિકયુરીટી ગાર્ડઝ મોજના ધુબાકા મારતા હોય છે.

બીડીના ઉત્પાદકોએ ૨૪૦૦૦ બીડીનો બોકસના ભાવ રૂપિયા ૧૮૫૦૪/- કરી નાંખ્યો. હજાર બીડીના રૂપિયા ૭૯૬/- કરી નાંખ્યા. ૨૫ બીડીની જુડીનો ભાવ રૂપિયા ૨૨/- કરી નાંખ્યો.એક બીડીનો ભાવ ૧/- રૂપિયો થઇ ગયો!! વિચારો ગરીબનો પગાર ઘટયો, આવક ઘટી, વસ્તુના ભાવ વધ્યા. સવારે મજૂરો દસ કે પાંચ રૂપિયાની ચા અને પારલેના પાંચ રૂપિયાના બિસ્કિટનો સુપર હાઇજેનિક નાસ્તો કરીને દિવસ પસાર કરે છે. તરસ લાગે તો આંસુ પીવે છે. એના જીવનમાં આશાનો કે ખુશીનો સૂરજ ઉગાડવાના બદલે શાસકો ભાવવધારાથી તેમના જીવનની ખુશીનું ગળું દબાવે છે!!બીડીના ધુમાડામાં ખુશી શોધતા લોકો કોશનો ડામ કયાં સુધી સહન કરશે? પાણી નહી તો મૃગજળ વરસાવો, સરકાર માઇબાપ!! તમને ઘણી ખમ્મા!!!

ભરત વૈષ્ણવ

# કોઈ તોડબાજ પેદા જ ના થાય જો માહિતી અધિકારીપોતાની પ્રાથમિક ફરજ નિભાવે તો

ચાલ, ચરિત્રની વાતો, પ્રમાણિકતા, પારદર્શિતાના દાવા અને સરકારી ફાઈલોમાં પનપતો, ખદબદતો ભ્રષ્ટાચાર ખુલી પોલ ખોલ થાય ના એનાં કાવતરાં રૂપે માહિતી માટે અરજી કરનારા ઉપર હુમલા થાય છે, ધમકીઓ અપાય છે, હત્યા થાય છે, આવાં શરમજનક, દુઃખદ સમયમાં માહિતીના ચોકીદાર,રખેવાળ, માલિક ટ્રેજરર માહિતી અધિકારીઓને પણ વિશેષ સન્માન અને સુરક્ષા મળે એ જરુરી છે. ખુબજ મોટી અને પવિત્ર ફરજ સાથે ઉપરી અધિકારીનું ભયંકર પ્રેશર, ઉપરી અધિકારીઓ એવા સાસુજી જેવાં, વહુ બિચારી ભૂલેચૂકે કોઈની છાશની દોણી ભરી આપે તો મરો જ મરો. છાશમાં માખણ જાય તો ફૂવડ ગણાય.

ઘરનું ઢાંકણ નાર એવું મહિતીના ખજાનાનું ઢાંકણ, "માહિતી અધિકારી.

જાહેર સેવા સત્તા મંડળમાં આજકાલ રાજકારણીઓ, ઉપરી અધિકારીઓની એટલી બધી ચોરી છીનાચોરી, ગફલાં, ગોટાળા કાગળમાં ગોઠવાયા હોઈ છે કે માહિતી અધિકારી ધારે તો પણ માહિતી છૂટી કરી શકતો નથી અને બેધારી કરવત કાપે એમ હોરાતો, છોલાતો જાય છે.

મોટાં સાહેબનો ખુબજ વિશ્વાસુ, કહ્યાગરો કર્મચારી હોઈ એનેજ મદદનીશ માહિતી અધિકારીની પોસ્ટ અપાય છે. એ મદદ કરે તો જ કાગળો ટેબલ પર આવે. ટેબલ પર આવે તો જ અપાઈ. માહિતી ઉપલબ્ધ જ નથી, આશ્ચર્ય નવાઈ લાગે એવું દશમાંથી આઠ કિસ્સા કેસમાં બને છે. અને અપિલ અધિકારીઓ એકજ જવાબ આપે છે કે માહિતી અધિકારી એ જે જવાબ આપ્યો એ જ સાચો. પરથમ અપિલનો નિકાલ.

અહીં ચર્ચા એ વાતની કરવી છે એ પહેલાં પુર્વભુમિકા જરુરી લાગી,

★કાયદાનો "કા" કે કલમનો "ક" યાદ રહે કે ના રહે, કોઈ જરૂર નથી, સુચના અધિકાર ખુબ સરળ છે.★

(૧.)
માહિતીની અરજી મળે કે તરત જ નોંધ કરી અરજદારને આઈડી નંબર લખી આપવો જોઈએ.

(૨.)
અરજદાર અભણ હોય તો માહિતી અધિકારી એ જાતે વિગત સમજી અરજીના મુદ્દા લખી માહિતી આપવી પડે.

(૩.) ગરીબી રેખા નીચે જીવતા નાગરીકને વિના મૂલ્યે માહિતી આપવાની વિશેષ જોગવાઈનું પાલન કરવું પડે.

(૪.)
અરજદારને આરટીઆઈ એકટ માં નિર્દેશ કરેલા નિયત ફોર્મમાં જ જવાબપત્ર લખીને જવાબ આપવા નિયમોચિત છે.

જેવાં કે, અરજી સ્વીકૃતિ પત્ર,તબદિલપત્ર, ત્રાહિત પક્ષકારની માહિતી હોય તો એમને તાત્કાલિક પત્ર લખી વિરોધ વાંધા યા સંમતિ મગાવ્યા નો પત્ર અને અરજદારને જાણ કરવાનો પત્ર, ચાર્જની વિધિવત જાણ કરવાનો પત્ર, ચાર્જ જમાં લીધાનો પત્ર, માહિતી આપતી વેળા શું શું આપ્યું એનો ઉલ્લેખ કરતો પત્ર.

સાચા અને તાર્કીક કારણો સાથે માહિતીના ઈન્કારનો પત્ર.

માહિતી આપવાનો ચોક્કસ સમય તારીખ વાર અને સ્થળની જાણ કરવાનો પત્ર.

(૫.)
તમામ પત્રમાં અપિલ અધિકારીનું નામ અને સરનામું અને અપિલ કરવાની સમય મર્યાદા પણ લખી આપવી જોઈએ.

આ આરટીઆઈ એકટનો કાયદો કહે છે.

(૬.)

જો કોઈની જીંદગી સાથે સંકળાયેલી માહિતી હોય કે ભ્રષ્ટાચાર બાબતની માહીતી હોય તો વિવેક બુદ્ધિ ઉપયોગ કરી માહિતી અધિકારી માહિતી છુટી કરી શકે છે એવી અસીમ સત્તા એમની પાસે છે.

(૭.)
માહિતી અધિકારી એ કચેરીમાં માહિતીનો જે ચાર્જ નકકી કર્યો હોઈ એ અન્યથા આરટીઆઈ એકટ મુજબ ચાર્જ લખી પાકી ગણતરી કરી અરજદારને માહિતીનો ચાર્જ જમાં કરાવવાનું લેખિત જણાવવું પડે.

(૮.)
ખુબજ અસરકારક રીતે આરટીઆઈ એકટનું અમલીકરણ કરવાની અને ભારતના નાગરીક હોઈ એનાં આધાર પુરાવા જોઈ ચકાસી ને જ માહિતી આપવાની મુખ્ય ફરજ માહિતી અધિકારીની છે.

(૯.)
પ્રો એક્ટિવ ડિ સ્કલોઝર ઈન્ફર્મેશન અપડેટ કરી દર વર્ષે ઓનલાઈન અને પુસ્તિકા સ્વરૂપે જાહેર કરવી પડે છે.

(૧૦.)
એકેએક અરજીઓ, અપીલ અરજીઓ, બીજી અપીલો, ફરિયાદો, પડતર અરજીઓ, નિકાલ કરવામાં આવેલ અરજીઓ, ચુકાદાઓ, ચાર્જના રકમનો રોજમેળ દર ત્રણ મહિને તૈયાર કરી ઉપરી કચેરી એવમ સરકારને મોકલવો પડે છે.

(૧૧.)

જો માહિતીની અરજી બાબત કોઈ કેસ, અપિલ,વિવાદ, ફરિયાદ થાય તો એ અરજી સંબંધી તમામ દસ્તાવેજ આખરી નિકાલ નિર્ણય સુધી સાચવવા પડે છે.

અમો દિપક પટેલે ૨૦૦૬થી આરટીઆઈ એકટની મદદથી વિવિધ કચેરીઓ પાસેથી માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો છે.

ઘણાં ડાહ્યાં, શાણાં, સળંગ ડાહ્યાં, શાતિર, લાચાર, અબુધ, ગભરાયેલ, રબરસ્ટેમ્પ અને ઘણા એવાં કે ભાઈ અરજી પાછી ખેંચી લો મફત માહિતી લઈ જાઓ એમ કહી કરગરી જાતે સલામત રહેવા સેટિંગ કરવાં સદાય તૈયાર એવાં માહિતી અધિકારીઓને મળવાનું થયું છે.

આજકાલ અનેક ફરિયાદો અમારી પાસે આવે છે. નવો ફાલ નવી ખાસ લોકોની ભરતી માહિતી છુપાવવા જ પોસ્ટિંગ થઈ હોય એવાં નફ્ફટ, ખુબજ આત્મવિશ્વાસુ, અપીલ અધિકારીઓ અને આયોગ કમિશનરોને જાણે ખિસ્સામાં લઈ ફરતાં હોય એવાં માહિતી અધિકારીઓ કોઈ કારણોસર નિમાયા હોય એવી ફરિયાદ એવાં અખબારી અહેવાલ જોવા મળે છે. સરવાળે અંતે મુખ્ય વાત એટલી જ છે કે.

ભારતની સંસદે લોકશાહીમાં લોકોના હાથમાં માહિતી અધિકાર મૂક્યો.

કાયદો સંસદભવન માં ઘડાયો.

કોઈ અદાલત કે ન્યાયધીશ એની કલમોમાં ફેરફાર કરી શકે નહીં .

માહિતી અધિકાર એ સંવિધાનિક અધિકાર લોકશાહીનો ધબકાર છે. લોકશાહીના ધબકારને બચાવવાની પ્રાથમિક ફરજ માહિતી અધિકારીની છે.

શ્રી શ્રી માહિતી અધિકારી સામે એક પણ પહેલી અપિલ કે બીજી અપિલ કે ફરિયાદ દાખલ થાય નહીં અને શ્રી શ્રી માહિતી અધિકારી નીડર, નીતિવાન,નિષ્પક્ષ, નિસ્પૃહતાથી એમની ફરજ બજાવે અને એમને એમનો કોઈ મોટો કે ખોટો સાહેબ શિક્ષાનો,દંડનો, ઠપકાંનો, નોકરીની નોંધપોથી માં કોઈ રીમાર્ક નોધનો શિકાર ના બનાવે એવી આશા સાથે માહિતીના માલિક, રખેવાળ, ચોકીદાર,ખજાનચી એવા સૌ જાહેર સેવા સત્તા મંડળના માહિતી અધિકારીઓ માટે પ્રાર્થના.

ooooo

દિપક પટેલ શિક્ષક આરટીઆઈ એકટ
રિફોર્મ મૂવમેન્ટ ગુજરાત સંયોજક
.

## ૧ મે - ગુજરાત દિન-

ઉત્તરે અંબામાત છે
દક્ષીણે ગીરા પ્રપાત છે
એજ મારું ગુજરાત છે ..

ઉત્તરે અરવલ્લી પહાડ છે
પશ્ચિમે સમુદ્ર અફાટ છે
એજ મારું ગુજરાત છે ...

અહીજ શબરી નું ધામ છે
અને અહીજ દેવ સોમનાથ છે
એજ મારું ગુજરાત છે ..

કાંઠે બેઠો રણછોડરાય છે
મધ્યમાં માં કાળી નો વાસ છે
એજ મારું ગુજરાત છે

જમા મસ્જીદમાં અજાન છે
અને પાલિતાણાનું ધામ છે
એજ મારું ગુજરાત છે ...

ઉદ્યોગોનો ધમધમાટ છે
ગરબે ઘુમતો થનગનાટ છે
એજ મારું ગુજરાત છે ...

છપ્પનભોગ સમો થાળ છે
દાઢે વળગે તેવો સ્વાદ છે
એજ મારું ગુજરાત છે....

લોહીમાં વહેતો વેપાર છે
બાપા જલારામ શો ભાવ છે
એજ મારું ગુજરાત છે....

આકાશે પતંગની ઉડાન છે
વિકાસ ગુજરાતની શાન છે
એજ મારું ગુજરાત છે....

બરડોલીએ પ્રગટેલા સરદાર છે
પોરબંદરમાં ગાંધીનું ધામ છે
એજ મારું ગુજરાત છે....

મેહુલ ભટ્ટ

# બિહારમાં ચા બનાવતી વખતે ગેસ સિલિન્ડર ફાટ્યો, માતા સહિત ૩ બાળકો જીવતા દાઝી ગયા

કિશનગંજ,તા.૧

બિહારના કિશનગંજ જિલ્લાના પૌકાખલી વિસ્તારમાં એક મકાનમાં અચાનક એલપીજી સિલિન્ડર ફાટવાથી લાગેલી આગમાં ૩૦ વર્ષીય મહિલા અને તેના ત્રણ બાળકો બળીને ભડથું થઈ ગયા હતા જ્યારે અન્ય બે લોકો ઘાયલ થયા હતા. ઘાયલોમાં મૃતકના એક ભાઈ અને બહેનનો પણ સમાવેશ થાય છે. દરેકને સારવાર માટે પૂર્ણિયા મેડિકલ કોલેજમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન માતા અને ત્રણ બાળકોના મોત થયા હતા, જ્યારે બે લોકોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અકસ્માતમાં પરિવાર સંપૂર્ણ નાશ પામ્યો હતો.

મહિલા બુધવારે સવારે ૭ વાગ્યાની આસપાસ ચા બનાવવા ગઈ હતી. તેણે ગેસનો ચૂલો સળગાવતા જ સિલિન્ડર ફાટ્યો. મૃતકોની ઓળખ કિશનગંજના પોખલી ગામના રહેવાસી મોહમ્મદ અંસારની પત્ની સાહિબા તરીકે થઈ છે અને બાળકોમાં ૮ વર્ષની અનીશા, ૪ વર્ષની આરુષિ અને ૫ વર્ષીય અનીશનો સમાવેશ થાય છે. ઘટના બાદ પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ છે. આખા ગામમાં શોકમય મૌન છે. મૃતકનો પતિ મેરઠમાં નોકરી કરે છે. સિલિન્ડર બ્લાસ્ટના કારણે આગ લાગી કે અન્ય કોઈ કારણ છે તે અંગે પોલીસ તપાસમાં વ્યસ્ત છે. પોલીસ તપાસ બાદ જ સમગ્ર મામલો બહાર આવે તેવી શક્યતા છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે કિશનગંજ જિલ્લાના પૌઆખલી વિસ્તારના નાનકર ગામમાં એક ઘરમાં રસોઈ બનાવતી વખતે એલપીજી સિલિન્ડરમાં અચાનક વિસ્ફોટ થવાથી ચાર લોકોના જીવ ગુમાવવા પર શોક વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રી કાર્યાલયમાંથી જારી કરાયેલા નિવેદન અનુસાર, નીતીશે આ અકસ્માતને અત્યંત દુઃખદ ગણાવ્યો હતો અને ઘટનામાં ઘાયલ થયેલા લોકોને યોગ્ય સારવાર આપવાનો નિર્દેશ આપ્યો હતો અને તેમના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી હતી. મુખ્યમંત્રીએ આ દુઃખની ઘડીમાં મૃતકોના પરિવારને ધીરજ રાખવાની શક્તિ આપે તેવી ભગવાનને પ્રાર્થના કરી છે.

કિશનગંજ જિલ્લા મેજિસ્ટ્રેટ તુષાર સિંગલાએ કહ્યું, ×મેં આ મામલાની તપાસનો આદેશ આપ્યો છે. વિસ્ફોટનું કારણ જાણવા માટે વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. જિલ્લા વહીવટીતંત્ર એલપીજી સિલિન્ડર કંપનીને પણ પત્ર લખશે, જેથી કરીને વિસ્ફોટમાંથી સલામતીના દૃષ્ટિકોણથી આ બાબતની પણ તપાસ થઈ શકે છે.× સિંગલાએ જણાવ્યું હતું કે તાજેતરના સમયમાં જિલ્લામાં એલપીજી સિલિન્ડર વિસ્ફોટની ઘટનાઓ વધી છે. તેમણે કહ્યું કે જિલ્લા વહીવટીતંત્ર પીડિત પરિવારને કાયદા મુજબ તમામ શક્ય મદદ કરશે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 166**

વિષય:- " આકુળ વ્યાકુળ"
શિર્ષક :- "પતિની વ્યાકુળતા"
પ્રકાર:- પદ્ય. શબ્દો :- ૧૧૭
નામ:- ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

તને સમજ્યો નથી કે, તું મને સમજી નથી,
એ વાતને આજ દિન સુધી, હું પણ સમજી શક્યો નથી.

તારી હા માં મારી હા, તારી ના માં મારી નાં,
હા અને ના માં શું કરવું, તે વાત પણ હું સમજી શક્યો નથી.

આપણે બંને ચર્ચા કરીયે, વડચડના મેદાને ઉતરીયે,
વાતનો શું નિવેડો આવશે, એ હકીકત હું સમજ્યો નથી.

કેવું તરંગી મન છે તારું કે, તરંગી મન છે મારું,
કોણ તરંગી છે બંનેમાંથી, એ નિર્ણય હું કરી શક્યો નથી.

તું રિસાયતો હું મનાવું, હું રિસાવ તો તું મનાવે,
ક્યાં સુધી ચાલશે આવું, તે હું સહન કરી શકતો નથી.

ચાલ છોડીયે આ વ્યાકુળતા સઘળી, બનીયે એક આદર્શ દંપતિ,
"મુરલી" ના દિલની તું છો રાણી, એ તું કેમ સમજી શકતી નથી?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 161**
વિષય : આકુળવ્યાકુળ
શિર્ષક : વ્યાકુળ મન
પ્રકાર : પદ્ય - શબ્દો : ૮૩
લેખન : ગ્રીષ્મા પંડ્યા

અંતર વરસે અનરાધાર ને મન વ્યાકુળ બનતું જાય,
આંખ ને હૈયું તરસે સદા, ને વિરહવેદનાં રોતી જાય!

નયનદ્વારને બંધ કરું તો યાદોનાં કમાડ ખુલી જાય,
એ ખુલ્લા કમાડમાંથી આંસુના વહેણ કેવાં વહી જાય!

ભીતરે અંધકાર ઓઢીને અજવાળી એ રાતો રોતી જાય,
કેમેય ઉલેચુ સાગર જળને ખોબલે પાણી નીતરી જાય!

ક્ષિતિજે ઊભેલાં ભેખડોમાથી પડઘાં કેવાં ફરતાં જાય,
ડોકાતા એ વાદળનાં ભેજ કોરા મનને ભીંજવતા જાય!

સાવ સમીપે ભાસે કદી, તું મોરપિચ્છ સમું સ્પર્શી જાય,
આકુળવ્યાકુળ થઈ સ્પર્શું ખુદને, જરા તો સાનમાં સમજી જા!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 193**
વિષય - આકુળવ્યાકુળ
શિર્ષક - મારી માંગણી માં
પ્રકાર - પદ્ય શબ્દો -૬૩

હદથી વધારે રહુ છું તારી લાગણીમાં,
પ્રેમ તારો સદા ચાહુ છું મારી માંગણી માં..

યાદોની મૌસમમાં રહી ભીંજાવુ છું તારી લાગણીમાં..
તારી હૂંફની છત્રી સદા માંગુ છું મારી માંગણી માં..

વહેતાં વહેતાં સમાતી જાઉં છું તારી લાગણીમાં..
તને ખુશ જોવાની ઈચ્છા રાખુ છું મારી માંગણી માં..

આકુળવ્યાકુળ થઈ શબ્દોને વહાવુ છું તારી લાગણીમાં..
સમજે જો મારી ઘેલછા, આલિંગન માગું છું મારી માંગણી માં..

**Akya shan**

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S:168**
વિષયઃ આકુળ વ્યાકુળ
પ્રકારઃ ગદ્ય. શબ્દોઃ૨૮૯

હૃદયની ધડકન

સૂર્યનારાયણ ના રુદ્ર સ્વરૂપ વચ્ચે જંગલી પ્રાણીઓ નો હાહાકાર રૂપે આકુળ વ્યાકુળ સ્થિતિ વિશાળ સ્વરૂપમાં જોવામાં આવે છે. મનુષ્ય માણસ નો જ્યાં હૃદય ચોરાય ત્યાં તેજ ઘડીએ મનુષ્ય પ્રાણી કે જંગલી પ્રાણીઓમાં હૃદયની ધડકન સ્વરૂપે આકુળ વ્યાકુળતા વધતા જોવામાં આવતી હોય છે. તેમજ સાથોસાથ મનુષ્ય માનવ મેદની માં પણ આ ઉકડાટ ના કારણે આકુળ વ્યાકુળ અવસ્થા થતી હોય છે. તેઓ પણ તાપથી બચવા ઠંડકનો સહારો લેવા મથતા હોય છે અને ઠંડકનો ખૂણો શોધતા હોય છે. મધ્યમ અને અમીર વર્ગ પોતાના ઘરમાં ઓફિસમાં એસી થી ઠંડક મેળવતા હોય છે અને ગરીબ વર્ગ કપડાં કાઢીને વૃક્ષ નીચે સુઈ જઈ ગરમી થી બચાવ કરતા હોય છે.કોઈપણ અસહ્ય વેદના આમ તો માણસને એની માનસિકતાના ધોરણે તે આકુળ વ્યાકુળ નો અનુભવ કરતો જ હોય છે. પ્રકૃતિ તરફથી હોય કે માણસ તરફથી હોય પરંતુ જ્યારે તે વેદના અસહ્ય થઈ પડે છે ત્યારે તે આકુળ વ્યાકુળ અવસ્થામાં મુકાઈ જતો હોય છે. અતિ ગરમી હોય કે ભૂખ હોય કે ઉકડાટ હોય કે યુદ્ધ હોય કે માનસિક ત્રાસ હોય તેની અસર પશુ પંખી જાનવર જળચર પ્રાણી ને રફે દફે કરી નાખે છે. જંગલોમાં જંગલી જાનવરો અસહ્ય ગરમીના કારણ આકુળ વ્યાકુળ થઈ સુરક્ષિત સ્થાન શોધવામાં પડેલ હોય છે. પ્રાણી સંગ્રહાલયમાં તેઓ માટે પાણીનું કુંડ બનાવવામાં આવે છે જેથી તે પાણીમાં પડ્યા હોય છે અને એ જ પાણીનું પીવામાં ઉપયોગ કરતા હોય છે. સૂર્યનારાયણની કીરણો તેજ ધરતી ઉપર આવવાથી ધરતી પણ તપી જતી હોય છે અને એ તેજ હાહાકાર ના કારણે મનુષ્ય પ્રાણી, જાનવર, પશુ, પંખી બહાર નીકળવાનું પસંદ નથી કરતાં હોતા. પરિસ્થિતિ ગમે તે હોય પરંતુ જ્યારે એનો તેજ ઉકડાટ વેદના માણસને તો શું જંગલી પ્રાણીને પણ આકુળ વ્યાકુળ કરી નાખે છે. આમ, આવું જોતા... સમયની પુકાર છે- 'પાણી બચાવો અને વૃક્ષો ખૂબ વાવો'.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' ઉદયપુર રાજસ્થાન

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS.231**
વિષયઃ આકુળ વ્યાકુળ
શીર્ષકઃ મૂંઝારો
શબ્દઃ૧૫૯. પ્રકાર.: ગદ્ય

આજ હવામાન મા કઈ અલગ જ ઉકળાટ હતો
એમ લાગતું કે ક્યાંક કઈ મુઝરો છે મન મા. સાવ સીધી લાગતી સવાર પણ કઈ ખુટતુ અને તૂટતું હોય એવું લાગતું હતું.ઓહ! હવે ખ્યાલ આવ્યો કાલ સાંજે કુંડા મા પાણી નથી મૂક્યું ને ફૂલછોડ ને પાણી આપવાનું પણ રહી ગયું છે ગરમી ના લીધે સાવ મુરઝાઇ ગયા હતા એકજ દિવસ મા .જીવન નું પણ કઈ આવુજ છે દરેક માણસ ને પ્રેમ ને લગણી ની જરુર હોય છે એ મળે તો એ વસંત ની જેમ પુરબહાર ખીલી જાય ને ના મળે તો સાવ કરમાઈ ને ઠુઠું થઈ જાય..અને પછી જે મુઝારો થાય એ ત્યારેજ જાય જ્યારે હર્ષ ની હેલી લઈ ને મેઘ ની જેમ કોઈ પ્રેમ લાગણી વરસાવે ને આકુળ વ્યાકુળ થતાં મન ને તરબતર કરી દે .માનવ ફક્ત માનવજને નહિ પણ સમગ્ર વિશ્વ ને તારી ને ઉગારી લે જો એ નિર્મલ પ્રેમ નું ઝરણું વેહતું રાખે તો
લેખિકા : સુચીતા રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO-173.**
વિષય- "આકુળ- વ્યાકુળ"
પ્રકાર - પદ્ય શબ્દ -૮૩.
નામ- ડૉ.દક્ષા જોશી 'નિર્ઝરા'

આકુળ- વ્યાકુળ મનને પ્રભુ, શાંતિ ની નિશાની દે,ઠોકર સુહાની દે.તારી હયાતીની મને કોઈ નિશાની દે.ઈશ્વર મને જ શોધે તું એવીજિંદગાની દે.ખીલીને જો હું પણ ખરું, એમાં નવું છે શું?ઉજડીને પણ ખીલી શકું, નોખી કહાની દે.સીધા હશે જો રસ્તા તો શક છે ભૂલી જઈશ,વિસરું કદી ન હું તને,ઠોકર સુહાની દે.
કાયમ રહે જો ચુસ્ત, શું એ કાફિયા ગમે?થોડાં કરી દે મોકળાં,એને રવાની દે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 170**
વિષયઃ આકુળ વ્યાકુળ
પ્રકાર : પદ્ય
શીર્ષક : આરાધ. શબ્દો : ૭૩

અનેકો સપના સજાવી બેઠી છો,
આકુળ આંખોમાં સમુંદર સમાવી બેઠી છો !

રહો છો વ્યસ્ત અને મસ્ત પોતાનામાં,
સ્વમાં સૃષ્ટિ સમેટી લપેટી બેઠી છો.

છે ક્ષત્રિયાણી વીરાંગના જન્મે ને કર્મે,
વજ્ર હૃદયે કરુણામયી મીરા બની બેઠી છો.

આંખો ને અવાજમાં અનોખું કર્ષણ છે,
વ્યાકુળ હૃદયમાં કૃષ્ણ છુપાવી બેઠી છો !

છે નજાકત વાતોમાં અને નજરમાં પણ
શર્મની પાછળ અલ્લડતા છુપાવી બેઠી છો !

આભ પણ અનરાધાર વરસી ઉઠે 'વિનુ',
હોઠો પર મોહક મુસ્કાન લઈ બેઠી છો !

-- વિનયકુમાર મહેતા. બારડોલી.

# ગુજરાત દિવસની શુભેચ્છા પાઠવતા ડૉ. વલ્લભભાઈ કથીરિયા

જીવંત સંસ્કૃતિ અને પ્રગતિશીલ વિકાસની ભૂમિ એટલે ગુજરાત ! ગુજરાત વાસીઓ ૧લી મેના રોજ સ્થાપના દિવસની ખૂબ જ ગર્વ અને ઉત્સાહ સાથે ઉજવણી કરીએ છીએ. આ દિવસ ૧૯૬૦ માં ગુજરાત રાજ્યની રચનાની યાદમાં ઉજવવામાં આવે છે, જે તેની સમૃદ્ધ ઐતિહાસિક યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ નો પ્રારંભ છે.

ગુજરાતનો વારસોઃ

ગુજરાત તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે જાણીતું છે, જેમાં પરંપરાઓ, કલા, સંગીત અને ઉત્સવોનો સમાવેશ થાય છે. જે રાજ્યની વિવિધતા અને એકતાને પ્રતિબિંબિત કરે છે. પટોળાની સાડીઓની ઉત્કૃષ્ટ કારીગરીથી માંડીને કચ્છી ભરતકામની જટિલ ડિઝાઈન સુધી, ગુજરાતનો કલાત્મક વારસો વિશ્વને મોહિત કરે છે.

પાટણમાં આવેલ જાજરમાન રાણી કી વાવ, અમદાવાદમાં આવેલ ઐતિહાસિક સાબરમતી આશ્રમ અને સોમનાથ અને દ્વારકાના અદ્ભુત કોતરણીવાળા મંદિરો જેવી રાજ્યની સ્થાપત્ય અજાયબીઓ ગુજરાતના ભવ્ય ભૂતકાળ અને સ્થાપત્યની દીપ્તિનો પુરાવો છે.

નરેન્દ્ર મોદીની વિઝનરી લીડરશીપઃ

આપણે ગુજરાત દિવસની ઉજવણી કરીએ છીએ ત્યારે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શ્રી નરેન્દ્ર મોદીના પરિવર્તનકારી નેતૃત્વને સ્વીકારવું અનિવાર્ય છે. તેમના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ, ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ વૃદ્ધિ અને વિકાસ જોયો છે. સર્વસમાવેશક વિકાસ, નવીન નીતિઓ અને કાર્યક્ષમ શાસન દ્વારા શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતની ઝડપી પ્રગતિનો પાયો નાખ્યો હતો. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ જેવી તેમની પહેલોએ વૈશ્વિક રોકાણ આકર્ષ્યા, આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપ્યું અને રોજગાર અને ઉદ્યોગ સાહસિકતા માટેની તકો ઊભી કરી.

તેમના કાર્યકાળ દરમિયાન, ગુજરાત સુશાસન, માળખાકીય વિકાસ અને ટકાઉ વિકાસના મોડેલ તરીકે ઉભરી આવ્યું. જેમાં રાજ્યના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વિશ્વ-કક્ષાના રસ્તાઓ, બંદરો અને ઔદ્યોગિક ઝોનનો સમાવેશ થાય છે,જે તેની આર્થિક પ્રગતિ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં નોંધપાત્ર યોગદાન આપે છે.

વધુમાં, બેટી બચાવો - બેટી પઢાવો, ખેલે ગુજરાત અને ટકાઉ કૃષિ માટેની પહેલ જેવા સામાજિક કલ્યાણ કાર્યક્રમો પર શ્રી નરેન્દ્ર મોદીનું ધ્યાન, સમાજના દરેક વર્ગના સર્વગ્રાહી વિકાસ અને સશક્તિકરણ માટે તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

પ્રગતિ અને એકતાની ઉજવણીઃ

જ્યારે આપણે ગુજરાત દિવસની ઉજવણી કરીએ છીએ, ત્યારે આપણે રાજ્યના સમૃદ્ધ વારસાને વળગી રહીએ, તેની વિકાસની યાત્રાને વધાવીએ અને સમૃદ્ધ અને સર્વસમાવેશક ગુજરાતના નિર્માણ માટે આપણી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ. ગુજરાતના લોકો દ્વારા પ્રદર્શિત એકતા, સ્થિતિસ્થાપકતા અને નવીનતાની ભાવના પેઢીઓને સતત પ્રેરણા આપે અને રાજ્યને સફળતાની વધુ ઊંચાઈઓ તરફ આગળ ધપાવે તેવી શુભ ભાવના ભાવીએ.

આ શુભ અવસર પર, ચાલો આપણે આપણી જાતને મહેનત, નવીનતા અને સંવાદિતા ના મૂલ્યો માટે ફરીથી સમર્પિત કરીએ, જે ગુજરાતની નૈતિકતાને વ્યાખ્યાયિત કરે અને વિકસીત ભારત માટે યોગદાન આપે.

ગુજરાત દિવસની શુભકામનાઓ!

# સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સંચાલિત શ્વાન આશ્રમમાં ૧૦૦૦ બીમાર, ઘવાયેલા, અંધ, અપંગ, પેરેલીસીસવાળા શ્વાનોને આશ્રય મળશે

વિશ્વમાં સૌથી વફાદાર પ્રાણી એટલે શ્વાન. શ્વાન તમામ પ્રકારના જોખમને અગાઉથી અનુભવે છે. પ્રાચીન અને મધ્યયુગના સમયમાં, પહેલાના લોકો કૂતરાઓને પોતાની સાથે રાખતા હતા. જેથી તેઓ જંગલી પ્રાણીઓ, લૂટારાઓ અને ભૂત-પ્રેતથી બચી શકે.વનમાં રહેતા વનવાસી લોકો કૂતરા પાળતા હતા. જેથી તેઓ કોઈપણ પ્રકારના જોખમ પહેલા તે સાવધાન થઈ રહેતા ઋષિ-મુનિઓ પણ કૂતરા પાળતા હતા. આજકાલ પણ લોકો ઘરમાં કૂતરા પાળે છે જેથી તેઓ પોતાના ઘરને ચોરોથી બચાવી શકે. ભારતીય સંસ્કૃતિમાં શ્વાનનું મહત્વ પહેલેથી જ ચાલ્યું આવે છે. હિન્દુ ધર્મમાં કૂતરાને યમનો દૂત કહેવામાં આવે છે. શ્વાનને હિન્દુ દેવતા ભૈરવ મહારાજનો સેવક માનવામાં આવે છે. શ્વાનને ભોજન આપવાથી ભૈરવ મહારાજ પ્રસન્ન થાય છે અને ભક્તની દરેક પ્રકારની આકસ્મિક મુશ્કેલીઓથી રક્ષણ કરે છે. એવું માનવામાં આવે છે કે શ્વાનને ખુશ રાખવાથી તે યમદૂતને પણ તમારી આસપાસ ભટકવા નથી દેતો અને શનિની સાથે સાથે રાહુ-કેતુ સંબધિત દોષો પણ કૂતરાને તેલમાં ચપટી રોટલી ખાવડાવાથી દૂર થઈ શકે છે. રાહુ-કેતુના , કાલસર્પ યોગથી પીડિત લોકો માટે આ ઉપાય ફાયદાકારક છે. એવું માનવામાં આવે છે કે કાળો શ્વાન જયાં હોય ત્યાં નકારાત્મક ઉર્જા રહેતી નથી. શ્વાન એ આપણી આસપાસ ચોમેર હોય છે. આપણા પરિવારનો જ એક હિસ્સો હોય છે. કમનસીબે શ્વાનો અકસ્માતમાં ઘવાઈને,બીમાર પડીને, ઉમરને કારણે લાચાર બની જતા હોય છે. એવા નિઃસહાય, લાચાર શ્વાનો માટે રાજકોટમાં સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા 'સદભાવના શ્વાન આશ્રમ ની શરૂઆત કરવામાં આવી છે. અહી ચાલી ન શકતા, ઊભા ન થઈ શકતા, પેરેલિસીસવાળા, કમર ભાંગેલા ,ફ્રેકચરવાળા, અંધ, અપંગ શ્વાનો ને કાયમી આશરો



મળશે તેમજ તેમને જરૂરી સારવાર,સુવીધાઓ મળશે. સંસ્થા દ્વારા નિત્ય જરૂરી સારવાર,વેકસીનેશન,ઓપરેશન વગેરે કરવામાં આવશે અને એક પરિવારના સભ્યની જેમ નિર્વાહ કરવામાં આવશે. પ્રથમ તબક્કે ૧૦૦૦ શ્વાનોને આશરો અપાશે. હાલમાં જોઈ ન શકતા હોય એવા ૧૦, ઉંમરવાળા ૧૦, અનાથ ૨૧, પેરેલિસીસવાળા ૬૪, અન્ય ૩૦ એમ ૧૩૫ શ્વાનો આશ્રય લઈ રહ્યા છે. આ શ્વાનોને દરરોજ મ્યુઝીક થેરાપી આપવામાં આવે છે. દરેક બીમાર શ્વાનોનું દરરોજ ચેકઅપ અને સારવાર થાય છે. આ અંગે વિશેષ માહિતી માટે તેમજ આ પ્રકારના શ્વાનોને આશ્રય આપવા માટે સદભાવના શ્વાન આશ્રમ, જામનગર રોડ,ખંઢેરિ સ્ટેડિયમની સામે, ગારડિ કોલેજની બાજુમાં,રાજકોટ (મો. ૭૪૮૫૯ ૨૨૨૨૪)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# મોદીનો દાયકો તો જુઓ



કોરોનાથી થયેલાં મોતનો સાચો આંકડો બહાર ન આવે માટે વસ્તી ગણતરી કરી જ નહિ આ દેશ ની માલિકી પોતાની હોય તેમ ઓરંગઝેબ ની વર્તે છે ભારતમાં વસ્તી ગણતરીની શરૂઆત ૧૮૮૧માં થઈ હતી. તે પછી એટલે કે ૧૩૦ વર્ષ સુધી દર દસ વર્ષે વસ્તી ગણતરી થતી રહી હતી. આઝાદી બાદ ૧૯૪૮માં વસ્તી ગણતરી માટે કાયદો કરાયો. તેમાં પણ દર દસ વર્ષે વસ્તી ગણતરી માટે જોગવાઈ કરાઈ. પણ ૨૦૨૧ની વસ્તી ગણતરી મોદી સરકારે કરી જ નહિ.

તેને માટે કોરોના મહામારીનું કારણ આપવામાં આવ્યું હતું. હકીકતમાં લોકડાઉન ૨૫-૦૩-૨૦૨૦થી ૩૦-૦૬-૨૦૨૦ સુધીનું હતું. પછી સરકારે તેમાં છૂટછાટ આપવાનું ચાલુ કર્યું હતું. પણ લોકડાઉન માર્ચ-૨૦૨૨માં સંપૂર્ણપણે ઊઠી ગયું હતું.

તે પછી જો બધા જ સરકારી અને ખાનગી કામધંધા બેરોકટોક ચાલી શકે તો વસ્તી ગણતરી પણ થઈ શકી હોત. પણ મોદી સરકારને એ કામ કરવું જ નહોતું, કારણ કે કોરોનાને લીધે થયેલાં મોતનો સાચો આંકડો તેને છુપાવવો હતો.

અત્યારે ૨૦૧૧ની વસ્તી ગણતરીના જૂના આંકડા મુજબ ૨૦૨૪માં સરકારી કામકાજ થાય છે, બોલો.

સરકારી આંકડા એમ કહે છે કે કોરોનાને લીધે દેશમાં ૪.૮૧ લાખ લોકો મરી ગયા. પણ મે-૨૦૨૨માં વિશ્વ આરોગ્ય સંસ્થા (ઉૐ) એ એમ કહ્યું કે જાન્યુઆરી-૨૦૨૦થી ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં ભારતમાં કોરોનાને લીધે ૪૭ લાખ લોકોનાં મોત થયાં હતાં. આમ, સરકારી આંકડો આશરે દસ ગણો ઓછો છે!

વસ્તી ગણતરી થાય તો મૃત્યુ દર ઊંચો આવે અને જાહેર થઈ જાય કે સરકાર જૂઠ્ઠું બોલે છે! જૂઠ્ઠાની સરકાર!

પ્રો. હેમંતકુમાર શાહ

# મહારાષ્ટ્રનાં રાજ્યપાલ અને આચાર્ય લોકેશજી વચ્ચે રાષ્ટ્રનાં મહત્વનાં મુદ્દાઓ પર ચર્ચા

મુંબઈમાં આચાર્ય લોકેશજીનાં રોકાણ દરમિયાન, પરમ પવિત્ર આચાર્ય લોકેશજી મુંબઈ રાજભવન ખાતે મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી રમેશ બૈસને મળ્યા અને રાષ્ટ્ર મહત્વનાં વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી. 'અહિંસા વિશ્વ ભારતી' અને 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નાં સ્થાપક આચાર્ય લોકેશજીએ તેમના તાજેતરમાં પૂર્ણ થયેલા વિશ્વ શાંતિ અને સદભાવના પ્રવાસ વિશે વિગતવાર માહિતી આપી હતી અને 'અહિંસા વિશ્વ ભારતી' સંસ્થાના આગામી કાર્યક્રમો વિશે પણ માહિતી આપી હતી. આ પ્રસંગે બુદ્ધિસ્ટ કલ્ચરલ ફાઉન્ડેશન ઈન્ડિયાનાં અધ્યક્ષ ભંતે દીપાંકર સુમેધો પણ હાજર હતા.

રાજ્યપાલ રમેશ બૈસે આચાર્ય લોકેશને યુએસ પ્રેસિડેન્ટ એવોર્ડથી સન્માનિત કરવા બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું હતુ કે, ''આચાર્ય લોકેશજીએ તેમના માનવતાવાદી કાર્ય દ્વારા વિશ્વમાં ભારત દેશ અને સંસ્કૃતિને ગૌરવ અપાવ્યું છે. ભારતનાં ઋષિમુનિઓનું જ્ઞાન અને તપ વિશ્વમાં શાંતિ અને સદભાવનાનો માર્ગ મોકળો કરે છે. અત્યારે દુનિયા ભારતીય સંસ્કૃતિ અને માન્યતાઓને સન્માનની નજરે જોઈ રહી છે.

આચાર્ય લોકેશજીએ રાજ્યપાલને વિશ્વ પર્યાવરણ દિવસ પર રાજભવન ખાતે 'ધર્મ અને પર્યાવરણ સંરક્ષણ' વિષય પર કોન્ફરન્સનું આયોજન કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. રાજ્યપાલે આ પ્રસ્તાવને સહર્ષ સ્વીકારી લીધો અને કોન્ફરન્સનું આયોજન કરવા સૂચના આપી.૨ જૂન, ૨૦૨૪નાં રોજ સવારે ૧૦ વાગ્યે મહારાષ્ટ્ર રાજભવનનાં દરબાર હોલમાં 'ધર્મ અને પર્યાવરણ સંરક્ષણ'નાં આયોજનની મંજૂરી મળતાં 'અહિંસા વિશ્વ ભારતી' સંસ્થાનાં કાર્યકરો અને સહયોગીઓમાં આનંદની લહેર છવાઈ ગઈ હતી.બૌદ્ધ કલ્ચરલ ફાઉન્ડેશન ઈન્ડિયાનાં અધ્યક્ષ ભંતે દીપાંકર સુમેધોએ જણાવ્યું હતું કે, ''આચાર્ય લોકેશજીને અમેરિકન પ્રેસિડેન્શિયલ એવોર્ડથી સન્માનિત કરવાથી ધર્મ, સંસ્કૃતિ અને આધ્યાત્મિક જગતનું ગૌરવ વધ્યું છે.''

# ગુજરાતની ધરતીએ મને જે સંસ્કાર અને શિક્ષણ આપ્યુ અને ખૂબ લાબા સમય સુધી મુખ્યમંત્રી તરીકેની સેવા કરવાની તક આપી તે બધુ આજે મને દિલ્હીમા લેખે લાગે છે : શ્રી નરેન્દ્રભાઈ મોદી






**ગુજરાતે જે વિકાસ કર્યો છે તેની પાછળ એક વિઝન રહ્યુ છે, એક લાબા ગાળાની મહેનત છે, તેના કારણે ગુજરાત આગળ વધ્યુ છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**મારી ગેરંટી છે આવનાર ત્રીજા ટર્મમા ભારતને દુનિયાની ત્રીજી અર્થવ્યવસ્થા બનાવીને રહીશ. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**આ ચૂંટણીમા ભાજપ સિવાય કોઇ પણ રાજકીય પાર્ટી ૨૭૨ ઉમેદવાર ઉભા રાખ્યા નથી અને કોંગ્રેસ સરકાર બનાવવાની વાતો કરે છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**ખાલી બધી બેઠકો જીતાડવી એટલુ નહી આપણે બધા પોલીગ બુથ જીતવા છે,ભાજપના ઉમેદવારોને આશિર્વાદ આપી દિલ્હી મોકલવા વિનંતી. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે,... ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આજથી બે દિવસ ગુજરાતમાં લોકસભા ચૂંટણી અંતર્ગત વિજય વિશ્વાસ સંમેલન સભા યોજશે જેમા આજે ડિસા ખાતે બનાસકાંઠા અને પાટણ લોકસભાની જંગી જાહેરસભાને સંબોધી ભાજપ તરફ મતદાન કરવા અપીલ કરી. આ કાર્યક્રમમા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, મા અંબાના ચરણોમા આવી ચૂંટણી સભાને સંબોધવાનું સૌભાગ્ય મળ્યુ છે. ગુજરાતની ધરતીએ મને જે સંસ્કાર અને શિક્ષણ આપ્યુ અને ખૂબ લાબા સમય સુધી મુખ્યમંત્રી તરીકેની સેવા કરવાની તક આપી તે બધુ આજે મને દિલ્હીમા લેખે લાગે છે. ચૂંટણીની પ્રથમ સભા આજે કર્મઠ માતા-બહેનોના વિસ્તારમા થઇ છે અને શરૂઆત એક બહેન ઉમેદવાર જીતે તેના આશિર્વાદ માગવા સાથે થઇ છે તે મારા માટે ગર્વની વાત છે. ગુજરાતના સ્થાપના દિવસ આપણા બધા માટે નવા સંકલ્પનો દિવસ,નવી ઉર્જાનો દિવસ છે. આ વખતે આપણે સંકલ્પ લઇએ કે વિકસીત ભારત બનાવવા માટે વિકસીત ગુજરાત બનાવવામા કોઇ કસર નહી બાકી રાખીએ. વર્ષ ૨૦૧૪મા મને દિલ્હી મોકલી દેશની સેવા કરવાની તક આપી. ૨૦૧૪ પહેલા જે સરકાર હતી ત્યારે દેશમા ચારેય બાજુ આંતકવાદ,ભ્રષ્ટાચાર સાથે દેશમા નિરાશાનુ વાતાવરણ હતું ત્યારે વિકટ સ્થિતિમા મને દેશની સેવા કરવાની તક આપી. ગુજરાતની જનતાએ મને જે શિક્ષણ અને તાલીમ આપી હતી તે પ્રમાણે મહેનત કરવામા કોઇ કસર બાકી નથી રાખી. એક એક મીનીટ દેશ માટે અર્પિત કરી છે. સામાન્ય વ્યક્તિની આશા પુરી કરવા પ્રયત્ન કર્યા છે.

શ્રી મોદી સાહેબે વધુમા જણાવ્યું કે, ૨૦૨૪ની ચૂંટણી મારા અનુભવો લઇ આવ્યો છું દસ વર્ષ જે રીતે મે દેશને ચલાવ્યો છે અને દેશને નવી ઉંચાઇ પર લઇ જવાનો પ્રયાસ કર્યો છે તેમજ દેશના સામાર્થ્ય ને પારખ્યુ છે અને સામાર્થ્યના આધાર પર ગેરંટી લઇ આવ્યો છું. ગેરંટી આપવા બહુ હિમંત જોઇએ. મારી પાસે દેશના સામાર્થ્ય અને તાકાતને ઓળખવાની શક્તિ છે. મારી ગેરંટી છે આવનાર ત્રીજા ટર્મમા ભારતને દુનિયાની ત્રીજી અર્થવ્યવસ્થા બનાવીને રહીશ. દેશ ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનશે ત્યારે તેની સમૃદ્ધી,સામાર્થ્ય અને લાભ વર્તમાન અને ભાવી પેઢીને મળશે તેની ગેરંટી આપુ છું.

શ્રી મોદી સાહેબે વધુમા જણાવ્યું કે, સરકાર બન્યા પછી પહેલા ૧૦૦ દિવસ કયા કામ કરવા તેની યાદી પણ તૈયાર કરી રાખી છે.ખાલી બધી બેઠકો જીતાડવી એટલુ નહી આપણે બધા પોલીગ બુથ જીતવા છે.ભાજપના ઉમેદવારોને આશિર્વાદ આપી દિલ્હી મોકલવા વિનંતી. ભાજપના ઉમેદવારને આપેલો મત મોદીને જશે એટલે તમારી ગેરંટી પાક્કી. ગુજરાતની જનતાને સલામ છે કે તેમણે ગુજરાતમા અસ્થિર સરકાર આવવા નથી દીધી. દેશના ઘણા રાજયોમા રાજનીતીની અસ્થિરતાએ ઘણુ નુકશાન કર્યુ છે. આજે પણ કોંગ્રેસ પાસે ન મુદ્દા છે ન કોઇ વિઝન ન કોઇ કામ કરવાની ઈચ્છા શક્તિ. ૨૦૧૪મા લોકસભા ચૂંટણીની સભામા કોંગ્રેસના નેતાઓ કહેતા કે આ ચા વાળો શુ કરશે?, આ ગુજ્જુ શુ કરશે ?, દાળભાત ખાવા વાળો શુ કરશે ? આવા મુદ્દે મજાક કરતા પણ જનતાએ એવો સબક આપ્યો કે આજે ૪૦ બેઠકો પર સમેટાઇ ગયા છે. ૨૦૧૯મા બીજી ચૂંટણીમા પણ સબક ન લીધો અને ચોકીદાર ચોર છે... કહેતા કે મોદી ખૂન ની દલાલી કરે છે, રાફેલના રમકડા લઇ ફરતા હતા પણ જનતાએ ફરી એવી સ્થિતિ કરી કે એક મજબૂત વિપક્ષ પણ નથી બનાવી શક્યા. ૨૦૧૯ પછી તેમણે મોદીનુ અપમાન કરવાનુ અભિયાન ચલાવ્યું. ગર્વ સાથે મોદી સમાજ અને ઓબીસી સમાજને ચોર કહી દીધુ અને આખા દેશમા ગુજરાતીઓ માટે નફરત ફેલાવાની એક તક નથી ગુમાવી.






રાજ્યના મંત્રી ઋષિકેશભાઈ પટેલના વરદ્હસ્તે અંધજન મંડળ, વિસનગરના વિશિષ્ટ શિક્ષક કાદરભાઈ મનસુરીનું સન્માન કરાયું

તારીખ : ૧- રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના વરદ્હસ્તે વિસનગર મુકામે તેમના નિવાસસ્થાને 'નોબલ વર્લ્ડ રેકોર્ડ' વિજેતા અંધજન મંડળ, વિસનગરના વિશિષ્ટ શિક્ષક કાદરભાઈ મનસુરીનું મેડલ પહેરાવી, વિશિષ્ટ વિશેષતા પ્રમાણપત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ઋષિકેશભાઈ પટેલે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ચંદ્રયાન-૩, હમારા સંકલ્પ, વિકસિત ભારત, જનરલ નોલેજ તેમજ દિવ્યાંગ બાળકોના શૈક્ષણિક વેબિનાર વગેરેનાં કુલ : ૩૦૦૦ (ત્રણ હજાર) ઓનલાઈન પ્રમાણપત્રો સાથે નોબલ વર્લ્ડ બુક રેકોર્ડમાં પોતાનું યશસ્વી સ્થાન અંકિત કરનાર કાદરભાઈ મનસુરીની દિવ્યાંગજનો પ્રત્યેની સુંદર સેવાઓને બિરદાવી ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા. અંધજન મંડળ, વિસનગરનાં માનદ્મંત્રી શ્રીમતી હસુમતીબેન આર. હાલારીએ પણ કાદરભાઈ મનસુરીની આ અનોખી સિદ્ધિની પ્રશંસા કરી શુભેચ્છા પાઠવી હતી.

## ચાણસ્મા ના દોઢ કરોડના ખર્ચ આંતરીક રોડનું રીફ્રેશરનીસીંગ કામ થયું



ચાણસ્મા નગરના આંતરીક રોડો ની સ્થિતી છેલ્લા કેટલાય સમયથી મગરની પીઠ સમ઼ન થવા પામી હતી ચાણસ્મા નગરના વાહન ચાલકો રાહદારી ઓ માટે ચાણસ્મા નગરના આંતરીક રોડ માથા ના દુખાવા સમાન બન્યા હતા જેથી નગરજનો દ્વારા રોડો નું નવીનીકરણ કરવા વારંવાર પાલિકા મા રજૂઆતો કરાતાં પાલિકા દ્વારા છેવટે શહેરી વિકાશ ની અંદાજે દોઢ કરોડ ની ગ્રાન્ટ ચાણસ્મા નગર ના વિવિધ આંતરીક રોડો જેવા કે બસ સ્ટેશન થી પોલિશ મથક થઈ આરોગ્ય કેન્દ્ર તા.પં નો રોડ સહિત ના આંતરીક રોડો નું રીફ્રેશરીંગ કામ કર્યું પરંતુ ખોડીયાર માતાજીના મંદિરથી કોમર્શિયલ બેંક થઈ બોરવાડી ભાનાણીની વાડી તરફ જતો રોડ ની સ્થિતી આજે ખાડ઼ અને તૂટેલ હાલત માં છે. તો પોલિશ કવાટર્સ બાજૂ તેમજ કાનદાસ પુરા રોડ પર ગટરની ફૂંડી ના ઢાંકણા અકસ્માત સર્જાય તેવી સ્થિતી માં જોવા મળર્તા આ રોજ વાહન ચાલકો માટે અકસ્માત થાય તેવી હાલત માં જોવા મળતાં નગરજનો માં પાલિકાના આંતરીક રોડના કામ અંગે કચવાટ કરતાં જોવા મળી રહ્યા છેચીફ ઓફિસર શું કહે છે

જયારે ચાણસ્મા પાલિકા ના ઇ. ચીફ ઓફિસર ભટ્ટજી એ જણાવ્યું હતું કે ચાણસ્મા નગરના વિવિધ વિસ્તારો ના આંતરીક રોડો નું રીફ્રેશ રીંગ કામ શરૂ કરાયું જેમાં મોટા ભાગનું કામ પતી ગયું છે. જયારે બાકી રહેલા વિસ્તાર ના રોડનું કામ ચૂંટણી પછી પૂર્ણ કરાશે તેમ જણાવ્યું હતું

## વઘઇ તાલુકાના બરડા ગામે નલ સે જલ યોજનાનું ચીરહરણ કરતા અધિકારી મિત્રો



વઘઇ તાલુકામાં આવેલ બરડા ગામે નલ સે જલ યોજનાનું ચીરહરણ કરતાં અધિકારી મિત્રો કારણ કે અધિકારી મિત્રો દ્વારા કયા કારણો સર આ ગામો ની મુલાકાત લેવામાં આવતી નથી

ગામ લોકો દ્વારા જણાવ્યું કે અમારા દ્વારા પાણી જોવામાં આવ્યું નથી અધિકારી મિત્રો પણ આવ્યા નથી હજુ સુધી આ કેવું આશ્ચર્ય ખરું ને.....? બરડા ગામ મા પાણી આવતું નથી એ અધિકારી શ્રી ને કેમ દેખાતું નથી એ પણ જોવાનું રહ્યું કે દેખાશે કે નહી અધિકારી મિત્રો લોકોના કામો કરવામાં માનતા નથી ખાલી પોતાના ખિસ્સામાં કેટલું ભરવામાં આવશે તે જ તેઓ નક્કી કરી પોતાના ખિસ્સામાં આવશે તે જ જોતા હોય છે ટકાવારી ક્યા ખૂણા માંથી આવશે તે જોવામાં મશગુલ રહે છે કોન્ટ્રેક્ટર અને અધિકારી મિત્રો પોત પોતાના ખિસ્સામાં ક્યારે આવશે ગામ લોકોને પાણી મળશે કે નહીં તેનો કોઈને પડી નથી આ પાણી ની યોજના થકી લોકોને ખાલી પાણી મળવું ના જોઈએ એવો તેઓનો વિચાર અધિકારી ઓ દ્વારા દર્શાવાઇ રહ્યો છે

બરડા ગામ મા લોકોને પાણી ની મુશ્કેલીઓ પડે છે તે કેમ દેખાતું ના હશે



**જય શિવરાય ક્રિકેટ ક્લબ દ્વારા આયોજીત MIVA ક્રિકેટ કપ-૨૦૨૪ પ્લેટિનમા આજે પેહેલી મેચમા ટોસ સમયે જય શિવરાયના પ્રમુખ મુનદીપ અગ્રવાલ તથા અન્ય હોદેદારો હિતેશભાઈ જોષી, અનિલભાઈ અને ઓઝાભાઈ ઉપસ્થિત રહ્યા. છેલ્લી લીગ મેચ સારથી ક્રિકેટ એકેડેમી અને ગુજરાત એકેડેમી-બી.ની મેચ મા સારથી ક્રિકેટ એકેડમી ૧૦૨ રન અને વિજેતા થઈ. ઈનામ વિતરણ કાર્યક્રમમા મહેમાનો તરીકે ડી.ડી.ગોહિલ અને ૐઈજી શાળાના આચાર્ય તરૂણભાઈ વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યા અને ખેલાડીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા.તમામ ટુર્નામેન્ટનું સંકલન અને સંચાલન જીતેન્દ્ર પાટીલે કરેલ**

## ભારતમાં ૨૦૫ કરોડ કોવીશીલ્ડના ડોઝ ખુબ પ્રેશર કરીને અપાયા અને એની ક્રેડીટ ભારતીય જનતા પાર્ટી લેતી હતી. ગુજરાતમાં ૧૦.૫૩ કરોડ ડોઝ અપાયા બાદ પણ બુસ્ટર ડોઝ લેવા સરકાર દબાણ કરતી હતી

કોવીશિલ્ડ વેક્સીનની આડઅસરોને લીધે થતા મૃત્યુ અંગે એક પછી એક હકીકતો સામે આવી રહી હોવા છતાં ભારતીય જનતા પાર્ટીના શાસકો વેક્સીન બનાવતી ખાનગી કંપનીના બચાવનામા રજૂ કરી રહ્યા છે ત્યારે દેશના નાગરિકોના હાર્ટએટેકના કારણે થયેલ થઈ રહેલા મોત અંગે સંપૂર્ણ તપાસ અને ભાજપ સરકારની ગુનાહિત બેદરકારી અંગે પગલાં ભરવાની માંગણી કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહજી ગોહિલે જણાવ્યું હતું કે, વિશ્વના આરોગ્યની જે ચિંતા કરે છે તેવી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ૨૦૨૩માં એક ઈમરજન્સી ગાઈડલાઈન બહાર પાડી અને કહ્યું કે, વેક્સીનની આડઅસરોમાં શરીરમાં બ્લડ ક્લોટ (રદ્વિર્હ્ષૌહેક્ર જીઅહદ્ધંદ્વિ -્જી) થાય છે, જેના કારણે હાર્ટએટેક, બ્રેઈનસ્ટ્રોક, કીડની ફેઈલથી મૃત્યુ થતા હોવાનું ધ્યાને આવ્યું છે ત્યારે આ અંગે સર્વેલન્સ અને ધ્યાન રાખવું, તેના પછી પણ આપણા દેશમાં ડેટા કલેક્ટ કરવામાં આવ્યા નથી.

વ્યક્તિ યુવાન હોય, હેલ્ધી હોય છતાં હાર્ટએટેક આવીને ગુજરી જાય, હરતા-ફરતાને બ્રેઈન સ્ટોક આવી જાય, કીડની ફેઈલ થવાના કિસ્સા સામે આવ્યા. મૃત્યુના વધતા આંકડાના લીધે ડોક્ટરોએ કહ્યું કે, આ પ્રકારના મૃત્યુનું કારણ વેક્સીન લાગે છે. સંસદમાં શૂન્ય કાળમાં આવા મૃત્યુ અંગે નોટીસ આપવા છતાં સરકારે કોઈપણ સર્વેલન્સ ન કર્યું.

બ્રિટીશ ફાર્મા કંપની ઓક્સફર્ડ એસ્ટ્રાઝેનેકા જેણે કોરોના વેક્સીનની શોધ કરી, તેણે સીરમ ઈન્સ્ટીટ્યુટ સાથે કોવીશીલ્ડ વેક્સીનના પ્રોડક્શન માટે કોન્ટ્રાક્ટ કર્યો હતો. શરૂઆતમાં એસ્ટ્રાઝેનેકા કંપનીએ બ્રિટીશ કોર્ટમાં કહ્યું કે, અમારી વેક્સીનથી કોઈ પ્રોબ્લેમ નથી, પરંતુ તે દેશની સરકાર ડેટા ભેગી કરતી હતી. એ ડેટા કોર્ટમાં રજુ થયો ત્યારબાદ કંપનીએ એફીડેવીટ કરી સ્વીકારવાની ફરજ પડી કે, કોવીશીલ્ડ વેક્સીનના કારણે ્જી થાય છે, જેને સાદી ભાષામાં લોહીમાં ગાંઠ થવી કહેવાય. જે ગાંઠ ફરતી ફરતી હાર્ટમાં આવે તો હાર્ટએટેક આવે અને મગજમાં જાય તો બ્રેઈન સ્ટોક આવે, જેથી મલ્ટીઓર્ગન ફેઈલ્યોર થાય.

ભારતમાં ૨૦૫ કરોડ કોવીશીલ્ડના ડોઝ ખુબ પ્રેશર કરીને અપાયા અને એની ક્રેડીટ ભારતીય જનતા પાર્ટી લેતી હતી. ગુજરાતમાં ૧૦.૫૩ કરોડ ડોઝ અપાયા બાદ પણ બુસ્ટર ડોઝ લેવા સરકાર દબાણ કરતી હતી. આ વેક્સીન મફત ન હતી, પ્રજાની તિજોરીમાંથી કરોડો રૂપિયા આ વેક્સીન બનાવનારને અપાતા હતા. આ જનતાના રૂપિયા હતા અને છતાં પોલીટીકલ પબ્લીસીટી કરતા હતા.

આખો દેશ ગૌરવ લઈ શકે એવી ભારત સરકારની પોતાની સેન્ટ્રલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (ઝ્રઇૈં) સંસ્થા કે જે ૧૧૮ વર્ષ જુની છે. સેન્ટ્રલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ૩ મે, ૧૯૬૫ના રોજ સ્થપાઈ હતી. આ સંસ્થા વેક્સીન બનાવે છે, જેની કેપેસીટી કોઈપણ પ્રાઈવેટ કંપની કરતા ખુબ વધારે છે. દુનિયાભરમાં વેક્સીન માટે સ્થાપક પૈકીની ઈન્સ્ટીટ્યુટ ભારતમાં છે. બીજા વિશ્વયુદ્ધ વખતે આ ઈન્સ્ટીટ્યુટમાંથી જે વેક્સીન ગયા તેની દુનિયાભરમાં પ્રશંસા થઈ હતી. આપણા દેશમાં પોલીયો, શીતળા, ટી.બી. વગેરે રોગો હતા. આ બધા રોગો સામે રોગપ્રતિકારક શક્તિ વધે, વેક્સીનથી રોગ નિર્મુળ થાય તે માટે એનું સંશોધન, ઉત્પાદન આ સંસ્થામાં થતું હતું. આ સંસ્થા સામે ક્યારેય કોઈ પ્રશ્નાર્થ નહોતો. દુનિયાની બેસ્ટ લેબોરેટરી ભારત પાસે હતી, એ વેક્સીનનું પુરતું ઉત્પાદન કરી શકે તેમ હતી, છતાં ખાનગી કંપની સીરમ ઈન્સ્ટીટ્યુટને શા માટે કામ સોંપાયું ? ભાજપ સરકારે ૩,૦૦૦ કરોડ રૂપિયા સીરમ ઈસ્ટીટ્યુટને તથા ૧,૫૦૦ કરોડ રૂપિયા ભારત બાયોટેકને કોવીશીલ્ડ બનાવવા માટે એડવાન્સમાં આપ્યા.

ભારતના પ્રધાનમંત્રી એ ભાજપના નહી પરંતુ દેશના છે ત્યારે એમની પાસે અપેક્ષા છે કે, ગુજરાતના સ્થાપના દિવસે ગુજરાતને અને દેશની જનતાને જવાબ આપે કે, (૧) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કહ્યું હતું છતાં ડેટા ભેગા કેમ ન કર્યો ? (૨) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશને ૨૦૨૩માં તો ઈમરજન્સી ગાઈડલાઈન આપી કે્જી (લોહીની ગાંઠ) ના કિસ્સા વધી રહ્યાં છે, છતાં તે દિશામાં કામગીરી કેમ ન કરી ? (૩) દુનિયાની પ્રસિદ્ધ ઈન્સ્ટીટ્યુટ ભારત સરકાર પાસે હતી છતાં ખાનગી કંપનીને ૩,૦૦૦ અને ૧,૫૦૦ કરોડ રૂપિયા એડવાન્સ આપીને એમની પાસે વેક્સીન કેમ ઉત્પાદીત કરાવી ? (૪) ઉૐના કહ્યા મુજબ ડેટા ભેગો કરીને હેલ્થ ચેકઅપ થયા હોત તો આજે દેશ અને રાજ્યમાં કેટલાય વ્યક્તિઓના હાર્ટએટેક, બ્રેઈનસ્ટોક, કીડની ફેઈલ, લીવર ફેઈલના કારણે થતા મૃત્યુ રોકી શકાયા હોત. આ ગુનાહિત બેદરકારી માટે સરકારનું શું કહેવુ છે ? કોવીશીલ્ડનું પ્રાઈઝ ફેક્ટર દુનિયા કરતાં વધારે ૪૦૦થી ૬૦૦ રૂપિયા ભારતમાં રહ્યું. રાહુલ ગાંધીજીએ અલગ-અલગ ટ્વીટ કરી ડેટા કલેક્ટ કરાવી, હેલ્થ પેરામીટર્સ ચેક કરાવીને વેક્સીનની આડઅસરની ચિંતા કરવાની માંગ કરી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.